ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

માલિક: ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાન: ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગ: ૨૫૯૯૯૯૧, ફેક્સ: ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગ: ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષ: ૧૬૩ અંક : ૪૯ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ સુદ પાંચમ, સોમવાર ૧૭ ઓગષ્ટ, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ પાનાં ૧૦+૧૨ કિંમત ₹ ૫.૦૦

પેસેફિક મહાસાગરનો વિકાસશીલ અલ નીનો આધુનિક માનવજાતે અનુભવેલો સૌથી મજબૂત બનવાના માર્ગે

વર્ષાંતે અલ નીનો ક્યાંક દુષ્કાળ તો ક્યાંક પૂરનું જોખમ વધારશે

વિકાસશીલ અલ નીનો નવેમ્બર અને ડિસેમ્બરની આસપાસ ટોચ પર પહોંચી શકે છે : વૈજ્ઞાનિકોની ચેતવણી

સમુદ્રની ગરમીનું સંચય વૈશ્વિક ઉષ્ણતા અને વિશ્વભરમાં આત્યંતિક હવામાનને વધુ તીવ્ર બનાવે તેવા અંધાણ

ડિસેમ્બર સુધીમાં ભયંકર બનનારા અલ નીનોથી તીવ્ર ગરમીની સાથે ચોમાસાની પેટર્નમાં ફેરફાર થવાની આગાહી

નવી દિલ્હી, તા. 16 : ઉષ્ણકટિબંધીય પેસિફિક મહાસાગરમાં વિકાસશીલ અલ નીનો આધુનિક માનવજાત દ્વારા અનુભવાયેલો સૌથી મજબૂત બનવાના માર્ગ પર છે, વૈજ્ઞાનિકોએ ચેતવણી આપી છે કે નવેમ્બર-ડિસેમ્બર સુધીમાં આબોહવાની ઘટના ટોચ પર પહોંચી શકે છે અને વૈશ્વિક તાપમાનને અભૂતપૂર્વ સ્તરે ધકેલી શકે છે.

સમુદ્રના તાપમાન પર નજર રાખતા આબોહવા નિષ્ણાતો કહે છે કે વિષુવવૃત્તીય પેસિફિકમાં સમુદ્રની સપાટીનું તાપમાન પહેલાથી જ "સુપર અલ નીનો" સ્થિતિ સુધી પહોંચી ગયું છે. જોકે, સંશોધકોને વધુ ચિંતા એ છે કે સમુદ્રની સપાટી નીચે ગરમીનો વિશાળ ભંડાર હજુ પણ છુપાયેલો છે, જે આગામી મહિનાઓમાં બહાર આવવાની રાહ જોઈ રહ્યો છે. વર્તમાન અંદાજો અનુસાર, ઉષ્ણકટિબંધીય પેસિફિકમાં સપાટીની નીચે ગરમીનું પ્રમાણ પહેલાથી જ 1982-83, ૧૯૯૭-૯૮ અને ૨૦૧૫-૧૬ની શક્તિશાળી અલ નીનો ઘટનાઓ દરમિયાન નોંધાયેલા સ્તર કરતાં વધી ગયું છે, જે આધુનિક આબોહવા રેકોર્ડમાં ત્રણ સૌથી મજબૂત ઘટનાઓ છે.

આબોહવા વિશ્લેષકો કોલિન મેકકાર્થીએ જણાવ્યું હતું કે આ ઘટના અનેક સૂચકાંકોમાં રેકોર્ડ તોડી રહી છે, જેમાં ગરમીની ગતિ, અંદાજિત ટોચની તીવ્રતા અને સંગ્રહિત સમુદ્રી ગરમીનું પ્રમાણ સામેલ છે. આ ઘટના ત્યારે બને છે જ્યારે અસામાન્ય રીતે ગરમ પાણી મધ્ય અને પૂર્વીય પેસિફિક મહાસાગરમાં ફેલાય છે, જે વિશ્વભરમાં વાતાવરણીય પરિભ્રમણ પેટર્નને વિક્ષેપિત કરે છે. આ ફેરફારો ઘણા ખંડોમાં વરસાદ, દુષ્કાળ, પૂર, ગરમીના મોજા અને ઉષ્ણકટિબંધીય ચક્રવાત પ્રવૃત્તિને પ્રભાવિત કરી શકે છે. વૈજ્ઞાનિકો હવે અપેક્ષા રાખે છે કે અલ નીનો વર્ષના બીજા ભાગમાં વધુ મજબૂત બનશે, જે નવેમ્બર અને ડિસેમ્બરની આસપાસ તેની મહત્તમ તીવ્રતા સુધી પહોંચવાની સંભાવના ધરાવે છે. જો આગાહીઓ સાચી પડે, તો તે અગાઉના બેન્ચમાર્ક ઘટનાઓને નોંધપાત્ર માર્જિનથી વટાવી શકે છે. તેના પરિણામો પેસિફિક મહાસાગરથી ઘણા આગળ સુધી ફેલાયેલા છે.

લાંબા ગાળાના માનવ-સંચાલિત આબોહવા પરિવર્તન સાથે જોડાયેલા, શક્તિશાળી અલ નીનો 2027 ની શરૂઆતમાં વૈશ્વિક સરેરાશ તાપમાનને અસ્થાયી રૂપે ઔદ્યોગિક-પૂર્વ સ્તરથી 2 ડિગ્રી સેલ્સિયસની નજીક ધકેલી શકે છે. સંશોધકોના મતે, આવા તાપમાન ગ્રહને હજારો વર્ષોથી જોવા ન મળેલા આબોહવા ક્ષેત્રમાં મૂકશે. હવામાનશાસ્ત્રીઓ ચેતવણી આપે છે કે આગામી ૧૨ થી ૧૮ મહિનામાં વિશ્વભરમાં ભારે હવામાન ઘટનાઓમાં વધારો થઈ શકે છે. આમાં વધુ તીવ્ર ગરમીના મોજા, ચોમાસાની પેટર્નમાં ફેરફાર, કેટલાક પ્રદેશોમાં ગંભીર દુષ્કાળ અને અન્ય વિસ્તારોમાં પૂરનું જોખમ વધી શકે છે.

લાલ કિલ્લા પરથી સંબોધનમાં મોદીએ યુવાનો માટે અનેક જાહેરાતો કરી

સશસ્ત્ર નક્સલવાદ નાબૂદ થયો , 'દિમાગી નક્સલીઓ' હજુ સક્રિય : પીએમ મોદી

સંબોધન 'વિકસિત ભારત 2047'ના વિઝન પર કેન્દ્રિત રહ્યું, 50થી વધુ વખત યુવાનોનો ઉલ્લેખ

સંસદમાં મહિલા અનામત માટે રાજકીય ખેંચતાણ બાજુએ રાખવાનું વિપક્ષને આહવાન કર્યું

'સમધારા' તરીકે ઓળખાવેલા માર્ગ દ્વારા ભારતની આર્થિક અને વ્યૂહાત્મક પ્રગતિનો રોડમેપ પણ રજૂ કર્યો

નવી દિલ્હી, તા. 15 (PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ધારાસભ્યો અને સાંસદોમાં મહિલાઓ માટે 33 ટકા અનામત સુનિશ્ચિત કરવા માટે રાજકીય પક્ષોને મતભેદોથી ઉપર ઉઠવાની અપીલ કરી હતી. સાથે જ તેમણે વિકસિત ભારતના નિર્માણમાં યુવાનોને નેતૃત્વ લેવા આહવાન કર્યું હતું અને ચેતવણી આપી હતી કે સશસ્ત્ર નક્સલવાદ ખતમ થઈ ગયો છે પરંતુ દિમાગી નક્સલો હજુ પણ સક્રિય છે.

દેશના 80મા સ્વતંત્રતા દિવસ પર જવાહરલાલ નેહરુના સતત 17 ભાષણો પછી બીજા ક્રમના

...અનુસંધાન પાના 5 પર

મોદીએ ગુજરાતી લાલ બાંધણી પાઘડી પહેરી, જેકેટમાં ત્રિરંગી રૂમાલના ક્રમ અંગે કટાક્ષ

નવી દિલ્હી, 15 (PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઐતિહાસિક લાલ કિલ્લા પરથી રાષ્ટ્રને સંબોધિત કરતી વખતે પોતાના ખાસ અંદાજમાં પરંપરાગત બાંધણી લાલ પાઘડી પહેરી હતી. મોદીએ તેમના સફેદ કુર્તા અને ચોકલેટ બ્રાઉન વેસ્ટ (જવાહર કટ જેકેટ) સાથે રાજસ્થાની અને ગુજરાતી સંસ્કૃતિમાં સામાન્ય એવી પરંપરાગત પાઘડી પહેરી હતી. તેમણે પોતાના જેકેટના ખિસ્સામાં કેસરી, લીલા અને સફેદ રંગના

...અનુસંધાન પાના 2 પર

લાલ કિલ્લા પરથી ચાર વર્ષમાં પીએમ મોદીનું સૌથી ટૂંકું સંબોધન

નવી દિલ્હી, તા. 15 (PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે 75 મિનિટનું સ્વતંત્રતા દિવસનું ભાષણ આપ્યું હતું, જે છેલ્લા ચાર વર્ષમાં સૌથી ટૂંકું અને અત્યાર સુધીનું તેમનું ચોથું સૌથી ટૂંકું ભાષણ છે. ગયા વર્ષે ભારતના 79મા સ્વતંત્રતા દિવસે મોદીએ 103 મિનિટનું ભાષણ આપ્યું હતું, જેણે 2024માં 78મા સ્વતંત્રતા દિવસે આપેલા 98 મિનિટના ભાષણના પોતાના જ રેકોર્ડને તોડ્યો હતો. 2024 પહેલાં તેમનું સૌથી

...અનુસંધાન પાના 5 પર

સ્વાતંત્ર્ય દિનની ઉજવણીમાં પ્રથમ વખત વંદે માતરમ ગવાયું

સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં પ્રથમ વખત, 15 ઓગસ્ટના રોજ ઐતિહાસિક પ્રસંગની 79મી વર્ષગાંઠની ઉજવણી દરમિયાન લાલ કિલ્લાના પરિસરમાં સંપૂર્ણ છ પંક્તિઓ સાથે 'વંદે માતરમ'નું ગાન કરવામાં આવ્યું હતું, ત્યારબાદ આ ભવ્ય કાર્યક્રમમાં રાષ્ટ્રગાનનું ગાન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય સમારોહ રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ'ના 150 વર્ષના ચિરંજીવ વારસાની યાદ અપાવે છે. કિલ્લાની દીવાલો પર ફૂલોના શણગાર દ્વારા કેન્દ્રમાં રાષ્ટ્રધ્વજ દર્શાવવામાં આવ્યો હતો, જેની બંને બાજુએ હિન્દીમાં 'વંદે માતરમ' લખેલું હતું.

ઝારખંડમાં વિદ્યાર્થીઓએ રાહુલ, સોરેનનાં પૂતળાં બાળ્યાં

પ્રદર્શનકારીઓ વિદ્યાર્થીઓએ 20 ઓગસ્ટે મુખ્યમંત્રી નિવાસસ્થાન ઘેરાવની જાહેરાત કરી

રાંચી, તા. 16 (PTI). ઝારખંડની ભરતી પરીક્ષાઓમાં કથિત ગેરરીતિઓ સામે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓએ રવિવારે અહીં મુખ્યમંત્રી હેમંત સોરેન, રાહુલ ગાંધી અને આરજેડી નેતા તેજસ્વી યાદવનાં પૂતળાં બાળ્યાં હતાં અને જેએમએમ-કોંગ્રેસ ગઠબંધન પર તેમની માગણીઓ પર 'ઠોસ પગલાં લેવામાં નિષ્ફળ' જવાનો આક્ષેપ કર્યો હતો. આંદોલન 23મા દિવસે પ્રવેશતાં આંદોલનકારીઓએ જયપાલ સિંહ મુંડા સ્ટેડિયમના વિરોધ સ્થળથી અલ્બર્ટ એક્કા ચોક સુધી મશાલ જુલૂસ કાઢ્યું હતું, જ્યાં તેમણે પૂતળાં બાળ્યાં હતાં. વિદ્યાર્થીઓએ શાસક ગઠબંધન પર તેમના મુદ્દાઓ પર રાજકારણ કરવાનો આક્ષેપ કર્યો હતો અને રાજીનામાની માંગ સાથે 20 ઓગસ્ટે

...અનુસંધાન પાના 2 પર

ઝારખંડ સરકારે વિદ્યાર્થીઓને 17મીએ ફરી મંત્રણા માટે બોલાવ્યા

રાંચી, તા. 16 (PTI) ઝારખંડ સરકારે ભરતી પરીક્ષાઓમાં કથિત ગડબડીઓ સામે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓને સોમવારે નવેસરથી વાતચીતના દોર માટે આમંત્રિત કર્યા છે. એમ એક અધિકારીએ જણાવ્યું હતું. આ નિર્ણય અહીં વિરોધ

...અનુસંધાન પાના 2 પર

સરકારે રિફાઈનરીઓ માટે એલપીજી ઉત્પાદનના લક્ષ્ય નક્કી કર્યા

નવી દિલ્હી, તા. 16 (PTI): પશ્ચિમ એશિયામાં સર્જાયેલા સંઘર્ષને કારણે આયાતી રસોઈ ગેસના પુરવઠામાં અવરોધો ઊભા થતાં દેશની લાચારી છતી થઈ હતી. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ઘરેલું પુરવઠાનો બફર સ્ટોક ઊભો કરવાના હેતુથી સરકારે પ્રથમ વખત જાહેર અને ખાનગી ક્ષેત્રની રિફાઈનરીઓ તેમજ અપસ્ટ્રીમ કંપનીઓ માટે મહત્તમ રસોઈ ગેસ ઉત્પાદનના લક્ષ્યાંકો નક્કી કર્યા છે. પેટ્રોલિયમ અને નેચરલ ગેસ મંત્રાલયે ૧૩ ઓગસ્ટે બહાર પાડેલા એક આદેશમાં ૨૧ રિફાઈનરીઓ અને અપસ્ટ્રીમ કંપનીઓ માટે મહત્તમ LPG ઉત્પાદન સ્તર નિર્ધારિત કર્યું છે. જે અંતર્ગત કુલ ઉત્પાદન ક્ષમતા પ્રતિદિન ૬૩,૮૧૦ ટન નક્કી કરવામાં આવી છે – આ ઉત્પાદન ૩૧ માર્ચ, ૨૦૨૬ના રોજ પૂરા થયેલા નાણાકીય વર્ષમાં સ્થાનિક

...અનુસંધાન પાના 2 પર

યુક્રેન-રશિયાના એકબીજા પર સામસામે હૂમલા : 11ના મોત

યુક્રેને રશિયા પર સેંકડો ડ્રોન છોડ્યા, છનાં મોત થયા, અનેક ઘરોને નુકસાન, દાવાનળ ફાટ્યો

રશિયાના યુક્રેન પર વળતા હુમલામાં પાંચના મોત, કિવના પ્રસિદ્ધ પુસ્તક બજારમાં આગ, અનેક ઘરો નષ્ટ

મોસ્કો, 16 (AP): યુક્રેને રવિવારે રશિયાભરમાં સેંકડો ડ્રોન છોડ્યા હતા, જેમાં ઓછામાં ઓછા છ લોકોના મોત થયા છે. યુદ્ધ શરૂ થયા પછીનો આ યુક્રેનનો સૌથી મોટા હવાઈ હુમલામાંનો એક માનવામાં આવે છે.

યુક્રેને આ વર્ષે રશિયા પર પોતાના હુમલા ઝડપી બનાવ્યા છે, જેમાં લાંબા અંતરની મિસાઈલો અને ડ્રોનના ઝૂંડ વડે સૈન્ય ઉદ્યોગો તથા ઊર્જા સુવિધાઓને નિશાન બનાવવામાં આવી રહી છે. તેણે રશિયન ઓનલાઈન રિટેલ કંપની 'વાઈલ્ડબેરીઝ'ના વિશાળ ગોડાઉનો પર પણ હુમલા વધાર્યા છે, જેનાથી કંપનીનો અબજો ડોલરનો સામાન બળીને ખાખ થઈ ગયો છે. મોસ્કો

...અનુસંધાન પાના 5 પર

તા. ૧૬-૦૮-૨૦૨૬નું સુરત શહેરનું

હવામાન

વરસાદ (૧૮.૦૦ કલાક સુધી)	આજનો 3.0 મીમી	મોસમનો ૧૬૬૧ મીમી
ઉકાઈ	સપાટી આજની ૩૩૫.૦૨ ફૂટ	આઉટફ્લો ૨૩,૧૦૦ ક્યુસેક
તાપમાન	મહત્તમ ૩૦.૨ સે.	લઘુત્તમ ૨૪.૨ સે. / ભેજ ૮૯%

NTAનો વધુ એક છબરડો, UGC-નેટની ત્રણ વિષયોની ફરી પરીક્ષાનો આદેશ

ત્રણ વિષયોના પેપરોમાં ઘણી ભૂલો અંગે ફરિયાદો મળ્યા બાદ તપાસ કમિટીએ ત્રણેય પેપર ફરીથી લેવા ભલામણ કરી

અંગ્રેજીની પરીક્ષા નવમી સપ્ટેમ્બરે, સવારે, વાણિજ્યની બપોરે અને સમાજશાસ્ત્રની 10મીએ સવારે, રિટેસ્ટની ફી નહીં લેવાય

નવી દિલ્હી, તા. 16 (PTI) : નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA) એ રવિવારે UGC-નેટ જૂન 2026 પરીક્ષાના ત્રણ પેપરો અંગ્રેજી, કોમર્સ અને સોશિયોલોજી માટે ક્ષતિઓની ફરિયાદો મળ્યા બાદ ફરીથી પરીક્ષા યોજવાની જાહેરાત કરી છે. જે મુજબ અંગ્રેજીનું પેપર 9 સપ્ટેમ્બરે સવારે 9 થી બપોરે 12 વાગ્યા સુધી શિફ્ટ 1 માં લેવામાં આવશે, જ્યારે કોમર્સનું પેપર તે જ દિવસે બપોરે 3 થી સાંજે 6 વાગ્યા સુધી શિફ્ટ 2 માં યોજાશે. સોશિયોલોજીનું પેપર 10 સપ્ટેમ્બરે સવારે 9 થી બપોરે 12 વાગ્યા સુધી શિફ્ટ 1 માં યોજાશે.

એનટીએ દ્વારા જૂનિયર રિસર્ચ ફેલોશિપ (JRF) એનાયત કરવા, અસિસ્ટન્ટ પ્રોફેસરની પાત્રતા અને PhD પ્રોગ્રામ્સમાં પ્રવેશ માટે 22 થી 30 જૂન દરમિયાન 87 વિષયો માટે UGC-NET જૂન 2026 ની પરીક્ષા યોજવામાં આવી હતી. એક જાહેર નોટિસમાં, એનટીએએ જણાવ્યું હતું કે તેને આ ત્રણ વિષયોના પેપરોમાં ઘણી ભૂલો અંગે ફરિયાદો મળી હતી અને આ મુદ્દાઓની તપાસ માટે એક કમિટીની રચના કરવામાં આવી હતી. એજન્સીના જણાવ્યા મુજબ, કમિટીએ શોધ્યું કે આ ત્રણેય

...અનુસંધાન પાના 5 પર

બાંગ્લાદેશે રહેમાનની ભારત મુલાકાતને હસીનાના પ્રત્યાર્પણની માગ સાથે જોડી

રહેમાનની ભારત મુલાકાત માટે સાનુકૂળ વાતાવરણ રચવા બાંગ્લાદેશની માગ

ઢાકા, તા. 16 (PTI): બાંગ્લાદેશે રવિવારે જણાવ્યું હતું કે વડાપ્રધાન તારિક રહમાન નવી દિલ્હીની મુલાકાત લે તે માટે ભારત દ્વારા અનુકૂળ વાતાવરણ ઊભું કરવાની જરૂર છે. મીડિયા અહેવાલ મુજબ, બાંગ્લાદેશે આ બાબતને હોદ્દા પરથી હટાવાયેલા પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના પ્રત્યાર્પણ અંગેની પોતાની પેન્ડિંગ વિનંતીઓ સાથે જોડી છે.

આ ઘટનાક્રમ ૧૨-૧૩ સપ્ટેમ્બરે BRICS સમિટ માટે રહમાનની નવી દિલ્હી મુલાકાત અંગેની અનિશ્ચિતતાઓ વચ્ચે સામે આવ્યો છે. રહમાને ૧૦ ઓગસ્ટે ભારતીય હાઈકમિશનર દિનેશ ત્રિવેદી સાથે મુલાકાત કરી હતી. આ બેઠક દરમિયાન, તેમણે અત્યાર સુધી નવી દિલ્હીને મોકલેલી ઔપચારિક વિનંતીઓના સંદર્ભમાં હસીનાના પ્રત્યાર્પણની માંગ કરી હતી. જોકે, તેઓ નવી

...અનુસંધાન પાના 5 પર

પેટ્રોલિયમ પેદાશોની નિકાસ પરનો વિન્ડફોલ ટેક્સ ઘટાડાયો

નવા દિલ્હી, તા. 15 (PTI): સરકારે 14 ઓગસ્ટથી શરૂ થતા પખવાડિયા માટે પેટ્રોલ, ડીઝલ અને એટીએફની નિકાસ પર વિન્ડફોલ ગેઈન્સ ટેક્સ (અણધાર્યા નફા પરનો કર) ઘટાડ્યો છે. ડીઝલની નિકાસ પર સ્પેશિયલ એડિશનલ એક્સાઈઝ ડ્યુટી (એસએઈડી)નો દર હવે પ્રતિ લીટર રૂ. 24 થયો છે, જે

...અનુસંધાન પાના 5 પર

'વંદે માતરમ'ના અનાદરનો કોંગ્રેસ પર ભાજપનો આક્ષેપ

સ્વતંત્રતા દિવસના કોંગ્રેસના કાર્યક્રમમાં સોનિયા ગાંધીએ વંદે માતરમ ગીત અટકાવી દેવા ઇશારો કર્યો હોવાનો ભાજપનો આક્ષેપ

કોંગ્રેસે કહ્યું કે સોનિયાએ તો વયોવૃદ્ધ મલ્લિકાર્જુન ખડગે માટે ખુરશી મૂકવા માટે ઇશારો કર્યો હતો, ગીત અટકાવવા નહીં

નવી દિલ્હી, ૧૫ ઓગસ્ટ (PTI): ભાજપે રવિવારે કોંગ્રેસ પર પ્રહારો કરતા આરોપ લગાવ્યો હતો કે તેના ટોચના નેતાઓ સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને મલ્લિકાર્જુન ખડગેએ પાર્ટીના સ્વતંત્રતા દિવસના કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્રીય ગીત 'વંદે માતરમ' ગવાઈ રહ્યું હતું ત્યારે તેનું "ઘોર અનાદર" કર્યું હતું. ભાજપે આ અંગે તેમની પાસે માફીની માંગ કરી છે. શાસક પક્ષ ભાજપના કેટલાક નેતાઓએ સોનિયા ગાંધી પર કાર્યક્રમમાં વંદે માતરમની પૂર્ણ આવૃત્તિ ગાવાનો

...અનુસંધાન પાના 5 પર

બંકિમચંદ્રના વંશજે સોનિયા પાસે માફીની માગ કરી

કોલકાતા : વંદે માતરમ ગીતના રચયિતા બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયના પ્રત્યક્ષ વંશજ અને ભાજપના ધારાસભ્ય સુમિત્રો ચેટર્જીએ સ્વતંત્રતા દિવસે AICC મુખ્યાલયમાં બનેલી એક કથિત ઘટના અંગે કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી પાસે બિનશરતી માફીની માંગ કરી છે. તેમણે દાવો કર્યો

...અનુસંધાન પાના 5 પર